સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

તલવારનાં પાણી પર ચાલે છે સરકાર,
યુ-ટર્નની ફોક વાણી પર ચાલે છે સરકાર,
ચાલે છે રાજ ઉદ્યોગપતિઓની લાણી પર -
ખોટાં વચનોની ઘાણી પર ચાલે છે સરકાર..

હાઈકુ

બંધાસે હવે
ત્રણસો ને સિત્તેર
સીટો ની ઇંટે..
('રામમંદિર' ચૂંટણીનું તૂત)

મુખ મેં માંસ
ને નિકાસે નજર -
'ગૌહત્યા બંધી'
('દારૂ' જેવું નાટક)

ચિંતન

અપ્રિય સ્યાપિ પથ્યસ્ય પરિણામઃ સુખા વહઃ ।
વક્તા શ્રોતા ચ યત્રાસ્તિ રમન્તે તત્ર સંપદ ॥

'અપ્રિય હોય છતાં હિતકારક હોય પરંતુ તેનું પરિણામ સુખકારક હોય છે. આવી અપ્રિય છતાં હિતકારક વાતો કહેનારા અને ધીરજપૂર્વક સાંભળનારા જયાં જયાં હોય છે ત્યાં સુખ અને સંપત્તિનો નિવાસ હોય છે.'

માતા-પિતા, વડીલો, શિક્ષક-ગુરુ સદાય પોતાનાં બાળક-શિષ્યનું હિત જ ઇચ્છતાં હોય છે એમનું અનુભવી જ્ઞાન પોતાનાં સંતાન-શિષ્યને માટે હિતકારક અને માર્ગદર્શક જ હોય છે. તે પોતાના બાળકને હતાશ કે નિરાશ કરી અટકાવવા ઇચ્છતા નથી. પણ કોઇ પણ નિર્ણયના સારાં-ખરાબ, સાચાં-ખોટાં પાસાંનો વિચાર કરી સલાહ-સૂચન જ આપતાં હોય છે એમાં એમનો તો કોઇ જ સ્વાર્થ હોતો નથી, પોતાનો પુત્ર-શિષ્ય સુખી થાય એ જ સદ્‌ભાવના હોય છે. જો આવી વાત-સલાહ-સૂચન-માર્ગ દર્શનનો સ્વીકાર થાય ને ઘર-સમાજ સુખી અને સમૃદ્ધ બને છે.

સુવિચાર

- જીવનમાં બે વ્યક્તિ નિષ્ફળ જાય છે.. જે વિચારે છે પણ કરતી નથી.. અને બીજી એ જે કરે છે પણ વિચારતી નથી - એસ. ભટ્ટાચાર્ય
- દાન ખુદને સમૃદ્ધ બનાવતું જાય છે, જયારે લાલચ માણસને કંગાળ બનાવી દે છે.. ધન તમને લોભી બનાવે તે પહેલા દાનવીર બની જાઓ - વિનોભા ભાવે
- જેમ કસ્તુરી ને ખુલ્લી ન રખાય, એમ સેવાનો ઢંઢેરો ના પિટાય - ઝેન કથન
- જેટલો સમજ્યો તેટલો સમજાઇ જાય... જેટલો સમાઇ ગયો એટલી મુક્તિ - અમૃતબિંદુ
- દરરોજ ફક્ત પાંચ મીનીટનું સંકલ્પબળ અને તેની સાધના વ્યક્તિનું જીવન બદલી શકે છે - નેપોલિયન હીલ
- દિલને બદલે દિમાગ આવી જાય, લાગણીને બદલે માંગણી આવી જાય, ત્યારે આલિંગન ને પણ કાંટા ફૂટે - શૂન્ય પાલનપુરી
- પ્રાપ્ત ફરજને નિષ્ઠાથી નિભાવવી એનું નામ જ 'તપ' - વજુ કોટક

(સંકલન : દિપક વી. આસરા)

બોધ કથા

આજકાલ શેરી ક્રિકેટ મેચથી કરી કોઇ પણ નાની-મોટી રમત-ગમતની સ્પર્ધામાં કાવાદાવા-જૂઠ-પક્ષપાત જેવાં દૂષણ પેસી ગયાં છે અને તેમાંય સોસાયટીથી કરી સંસદની ચૂંટણીમાં તો જીવસટોસટના ખેલ ખેલાય છે. રમત-સ્પર્ધા-હરિફાઇમાં જે રમતવીરનું ઔદાર્ય હોવું જોઇએ એ હવે કટ્ટર દુશ્મનીમાં ફેરવાતું જાય છે. સ્પર્ધા-હરિફાઇમાં હાર-જીત મહત્ત્વનાં નથી પરંતુ બે સ્પર્ધકો વચ્ચેનો ઉષ્માભાવ પણ એટલો જ મહત્ત્વનો છે.

જર્મનીની ટેનિસ ખેલાડી બેન્ટીના બેંજ, માર્ટિના નવરાતિલાવા સામે વિશ્વ ટેનિસ સ્પર્ધામાં સત્તર વખત રમી અને દરેક વખતે હારી, સતત હાર મળ્યા પછી પણ બેન્ટીનાના ઉત્સાહ જાણે માર્ટીના સામે પહેલી જ વખત રમતી હોય એવો ને એવો રહેતો હતો.

એક વાર મેચ હારીને બેન્ટીના બેઠી હતી ત્યારે એક પત્રકાર આવ્યો અને વિનયપૂર્વક કહ્યું, આપને વાંધો ન હોય તો પ્રશ્ન પૂછું.

બેન્ટીના એ હા પાડી.

પત્રકારે પૂછ્યું આપ માર્ટીના સામે ઘણીવાર હાર્યા છો. તો આપને માર્ટીના પાસેથી શું શીખવા મળ્યું? પત્રકારના મગજમાં 'સ્ટાઇલ' બાબતની અપેક્ષા હતી.

બેન્ટીનાએ કહ્યું, હારનાર હરીફ સાથે પણ માર્ટીના જે ઉષ્મા અને પ્રેમભર્યા વાત્સલ્યથી હાથ મિલાવે છે એ મને અને મારા હૃદયને સ્પર્શી ગયું છે.

Email - sureshchandrabhatt18@gmail.com

ખેડૂતોની સાફલ્યગાથાઓ અને નવીનતાસભર પ્રયોગોનું ચિત્રાત્મક આકલન કરતી પ્રેરણાત્મક કોફીટેબલ બુક

શબ્દ સમીપે
- નટવર હેડાઉ

પૃથ્વી પર માનવજીવનના પગરવ થયા તથા સમાજ વ્યવસ્થા સુદૃઢ બની ત્યારથી નિરંતર ચાલતો વ્યવસાય એટલે કૃષિ, ખેતી એ એક એવું માધ્યમ છે જેની આસપાસ કેટલીયે સંસ્કૃતિનાં ઘડતર થયા અને વિકાસ પામી. આ વ્યવસાય પણ આધુનિકતાના પંથે આગળ વધી વિકસ્યો છે.

ગુજરાત કૃષિક્ષેત્રે હંમેશા આગળ રહ્યું છે. તેની પાછળ ગુજરાતના ખેડૂતોની કોઠાસૂઝ, વૈજ્ઞાનિક અભિગમ તથા નાવિન્ય પૂર્ણ પ્રયોગોનો સિંહફાળો છે.

આજે મારે તમને ગુજરાતના ખેડૂતોની સાફલ્યગાથાઓ અને નવીનતા સભર પ્રયોગોનું ચિતાત્મક આકલન કરતી એક સુંદર કોફીટેબલ બુકની વાત કરવી છે.

'ખેડૂત ખેતર અને ખેતી' પુસ્તક એક એવી પર્યાવરણ પોથી છે. જેમાં કલમ અને કેમેરાથી લેખકે એક વિશિષ્ટ ખેતી કરી છે. કારણ કે લેખક એક સજાગ પત્રકાર, સફળ તસ્વીરકાર અને ઉત્તમ ખેડૂત છે. ખેતી લક્ષી પરિવર્તનો નિહાળે છે. તેનો કેમેરામાં કંડારે છે, અને શબ્દોથી મનોમંથન કરી સારું જુદું તારવે છે. તેની કસાયેલી કલમ - નજરમાં ખેતીની ચિંતા ભળે છે. ખેતીને ઉત્તમ વ્યવસાય તરીકે ભાવિ નજરથી કઇ રીતે મુલવે છે. તે જાણવા માટે આ પુસ્તકમાંથી પસાર થતાં બસો સત્તર પાનામાં ૧૦૧ જેટલા અવનવા વિષયોની વાતો તસ્વીરો સહિત મળે છે. તેમાં ખેડૂત ખેતર અને ખેતી ક્ષેત્રે લેખકનું કૃષિ મનોમંથન છે. કારણ કે ખેતી વિરાસતની પંચમયાત્રા છે. ભારતનું કૃષિતંત્ર પુન:મંથન ઝંખે છે. આ પુસ્તકને જી.એન.એફ.સી. ભરૂચના મેનેજિંગ ડાયરેકટર ડો. રાજીવ ગુપ્તાની શુભેચ્છા પ્રાપ્ત થઇ છે. પ્રકાશન સહયોગી આ સંસ્થા બની છે. પુસ્તકની વિગતોનું સુંદર આકલન આપણને સૃષ્ટિ અને નેશનલ ઇનોવેશન ફાઉન્ડેશનના વડા અનિલ ગુપ્તા જે આઇ.આઇ.એમ. અમદાવાદમાં છે તેમણે વિદ્વતાપૂર્ણ પ્રસ્તાવનામાં કરી આપ્યું છે. જિંદગી, જિંદાદીલી અને તેની સર્જનાત્મકતાને આ પુસ્તકમાં ખુબ અર્થસભર રીતે મઢી લેવામાં આવી છે.



ગુજરાતની અસ્મિતામાં એક અગત્યની પરંપરા કૃષિની પરંપરા છે. ગુજરાતી જેમ વેપારી સાહસિક, તેમ તેનો ખેડૂત પણ સાહસિક પરંપરાનું જ્ઞાન, તેનાં મૂલ્યો અને સંસ્કાર જાળવવાની કોશિશ કરી રહ્યો છે. રાજયના ખેડૂતોની આગવી સંસ્કૃતિમાં આવી રહેલાં પરિવર્તનોને લેખકે અહીં તસ્વીરો અને શબ્દોમાં મઢી લીધા છે. તે કાબિલે તારીફ છે. અહીં કચ્છના બટૂકબાઇએ કચ્છમાં ઉસર ઉગાડી છે. એટલું જ નહીં તેણે ઇંગ્લેન્ડની મહારાણીના રસોડા સુધી તેનો સ્વાદ પહોંચાડ્યો છે. લંડનના મોલમાં કચ્છની કેરીઓ વેચાતી થઇ છે. આ પ્રકારના પ્રયોગો, આંબાના રોપાની યોગ્ય પસંદગી કરીને કચ્છમાં આંબાવાડિયું બનાવવું અને છોડને સંગીત સંભળાવવાનો પ્રયોગ - આ બધું પણ ગુજરાતમાં થાય છે.

એ જ રીતે ગુજરાતના ભાર્ગવ પરીખે પણ પાણીમાં મોતી પેદા ન થાય ત્યાં સુધી ધીરજ રાખીને પ્રયોગો કર્યા છે. તેના કારણે તે એક નવી જ પદ્ધતિ તૈયાર કરી શક્યા છે. રાહુલ જેવા આધુનિક યુગના ખેડૂતોનો વિદેશમાંથી ભણીને આવ્યા પછી કચ્છમાં દ્રાક્ષ અને પપૈયા ઉગાડ્યાં છે અને સારી કમાણી કરી રહ્યાં છે. ખારાશ ધરાવતા કચ્છમાં ખારાઘોડા, પાટડી પાસે ફળ અને ફૂલો ઉગાડનારા પ્રશાંતભાઇ જેવા ખેડૂ આજે મળી આવે છે. આવા વ્યક્તિગત પ્રયોગોને અન્ય જગ્યાએ અમલમાં કેમ ન મુકી શકાય? એવા ઘણા સવાલો લેખકે આ પુસ્તકમાં ઉભા કર્યા છે. જે વાંચકનું ધ્યાન ખેંચે તેવા છે.

બીજા પણ અનેક પ્રયોગોની વાતો છે. કડી તાલુકામાં યોગેશ અને યુવરાજે અરીસાના ડૂકડા જોડીને એવો ચાડીયો બનાવ્યો છે. જે પ્રકાશના પરિવર્તન દ્વારા પક્ષીઓને પાકથી દૂર ભગાડે છે. આવા લોકોની સંશોધનવૃત્તિને ઉત્તેજન મળવું જોઇએ. આ પુસ્તકમાં આપણને એક વિષયના ખેડૂતો અને ખેતીલક્ષી આવા પ્રયોગોની વાતો તસ્વીરો સહિત મળે છે. કારણ કે ભારતનું કૃષિતંત્ર પુન:મંથન ઝંખે છે. જળસંચય અને વપરાશ આપણે ઇઝરાયેલ પાસેથી શીખવાની જરુર છે. સફળ ખેતી માટે ઓજારોમાં પરિવર્તન આવશ્યક છે. પ્લાસ્ટિક કવરથી મલ્ચિંગ હોય કે ટ્રેકટરની છત પર સૌર ઉર્જાથી જોડવાની વાત હોય, કે પછી પવનચક્કી લગાડી ખેતી સમૃદ્ધિ વધારવાના પ્રયોગો હોય એ બધી નવી ખેતીની વાતો અહીં આપણને મળે છે. ખેતીમાં અવનવા પ્રયોગો થકી ભવિષ્યમાં કપાસ રંગીન રુ આપશે. તેના માટે ખેતીના પ્રાણ સમા જળ સંચયના સાધનો વિકસાવવાથી પાણીની કરકસર દ્વારા પાકની વધારે ઉપજ મેળવવા ખારી જમીન પુન:ખેતીલાયક બનાવવા અને ખેતરના રાતવાસાની ડિઝાઇન બદલવા જેવા તદ્દન નવા જ વિચારોની વાતો તમને આ પુસ્તકમાં જાણવા મળશે, તો સાથે સાથે ખેડીતોના કેટલાક જીવનલક્ષી પ્રશ્નોને પણ લેખકે બખુબી ઉઠાવ્યા છે. જેમ કે ગામડામાં વૃદ્ધ ખેડૂતને કોરી ખાતી એકલતા, મશીને લાગણીઓને બુઠ્ઠી કરી છે તેની વાત, બાળરમતોને ખેતર અને ખેતી સાથે જોડવાની વાત, નાના ખેડૂતોની મોટી તકલીફોની વાત પણ અહીં આપણને મળે છે. લેખક એક જગ્યાએ કહે છે મન અને ખેતર માટે નિંદા નહીં, નીંદામણ જરુરી છે. આ પુસ્તકમાં ગુજરાતમાં ખેતી ક્ષેત્રે આવી રહેલાં પરિવર્તનને કારણે ચોખાનો ચળકાટ : ધરુની ડાંગરની પૂર્ણસફર, શેરડીના ખેતરોમાં પહેલી ધારના ગોળની સોડમ, જેનો ભાર જીરવવો જવર છે તે જીરું, કચ્છના પપૈયા અને ખારેકના ફળમાં ગૃહ ઉદ્યોગોની પડેલી ઉત્તમ તકો, સાથોસાથ સૌરાષ્ટ્રમાં વિસ્તરી રહેલ દાડમનું વાવેતર, રતનાલમાં અંજીર પકવતા રાહુલની વાત, બારમાસી લીલી જાડી જુવારનો જાદુ, દિવેલાની માવજતમાં સોનેરી પરિણામો, લીલી વરિયાળીની મીઠી સોડમ, રાઇની ઉપજમાં ગુજરાતનું સ્થાન, મગફળી : ગરીબોનો કાજુ, અમીરોનું તેલ, પાલક મજા અને મસલ પાવરનું મિશ્રણ, પશુધનનો રખેવાળ કાળીયો કોશી, ગીરની ભેંસો : ગુજરાતનું કૃષિ ઘરેણું, સાસણગીરના ખેડૂતોની સમસ્યા, થોર - થુયીરાનું કાંટાળું સૌંદર્ય, અમરવેલ જળોની જેમ ચોંટી વૃક્ષોનું નિકંદન કાઢે છે તેની વાત, ગાયકવાડી વિસામાનો સુર્યાસ્ત, ગામડી કોઠાસૂઝની બનેલી ખેતી ઉપયોગી સાઇકલ ટ્રોલીની વાત જેવી ઘણી નવીનતાસભર વિગતો અહીં આપણને મળે છે. આ પુસ્તકમાં લેખકે માત્ર ગુજરાત અને ભારતની જ વાત કરી નથી. ચીનની મુલાકાત દરમિયાન ત્યાં જોવા મળેલ પેડલ પમ્પને પણ તેમણે તસ્વીરોમાં મઢી લીધો છે.

ગુજરાતની કૃષિ સંસ્કૃતિમાં જેને રસ હોય તેને આ પુસ્તક ખુબ ઉપયોગી નીવડી શકે તેવુ છે. આજની ડિજિટલ ફોટોગ્રાફીમાં પહેલાં કરતાં કામ સરળ બન્યું છે. ત્યારે એગ્રો - ફોટોગ્રાફીની નવી પરંપરા ઉભી કરવાની લેખક આશા સેવે છે.

'ખેડૂત, ખેતર અને ખેતી' પુસ્તકના લેખક શૈલેશ રાવલ છે. તેઓ સાત-બારના ઉતારે જન્મજાત ખેડૂત છે. કર્મયોગમાં પત્રકારત્વ અને તેમાં પણ ખાસ તસ્વીરો પત્રકારત્વ કરતાં કરતાં 'દૃશ્ય અને શબ્દ'ની જુગલબંધી કરીને તેમણે કૃષિક્ષેત્રે એક નવો આયામ ખેડ્યો છે. વણખેડાયેલી ભૂમિ પરથી આ પ્રથમ ખેત ઉપોયગી ઉપજ જેવું તેમનું પુસ્તક કૃષિક્ષેત્રે નવું પદાર્પણ છે. જે પર્યાવરણ પ્રેમીઓ, ખેડૂતો અને કૃષિ મહાવિદ્યાલયના વિદ્યાર્થીઓ માટે, ખેત ઉપજલક્ષી બજારોના વેચારીઓ માટે, ખેતી વિષયક જીજ્ઞાસા ધરાવતા સૌ સાહિત્યરસિક વાંચકો માટે ખૂબ ઉપયોગી બની રહેશે તેવી લેખકની ખેવના છે. લેખકના આ પ્રયત્નને બિરદાવું છું અને પુસ્તકને આવકારું છું.

ખેડૂત, ખેતર અને ખેતી (પર્યાવરણની તસ્વીરપોથી)
લેખક - શૈલેશ રાવલ
પ્રકાશક - ગુજરાત નર્મલા વેલી ફર્ટિલાઇઝર્સ એન્ડ કેમિકલ્સ લી.
પો. નર્મદા નગર - ૩૯૨૦૧૫ જિ. ભરૂચ, ગુજરાત
કિંમત - જણાવેલ નથી.
પ્રથમ આવૃત્તિ : ૨૦૧૫

મિત્રો તમારા જીવનમાં ઘણું આગવું સ્થાન ધરાવે છે, એમનું આંધળું અનુકરણ કરવાનું તમને ગમે છે, એમની વાતોને તમે ટાળી શકતા નથી, પણ જીવનની કોઇ નાજુક બાબત અંગે તમારે કંઇ નિર્ણય લેવાનો આવે ત્યારે એ તમને માર્ગદર્શન આપી શકે તેમ નથી એ તમારી માફક જ બિનઅનુભવી છે

હું રસ્તે રઝળતી વારતા

- અચના કમલેશ

તરૂણોને શિખામણ

પ્રિય યુવાન,

તમે તમારી જિંદગીના એક ઘણા મહત્ત્વના તબક્કામાં પ્રવેશ કરી રહ્યા છો એ બદલ તમને હૃદયપૂર્વકના અભિનંદન છે. થોડાં વર્ષોમાં તમે હવે એક સ્વતંત્ર અને જવાબદાર પુખ્ત વ્યક્તિ બનશો, આજે તમારી પાસે પુષ્કળ જોમ છે, તાકાત છે. શીખવવાની ક્ષમતા, યાદદાસ્ત, અનુકૂલન શક્તિ, હિંમત, સાહસવૃત્તિ, રમુજવૃત્તિ, ઉત્સાહ, કાર્યશક્તિ અને બીજા અનેક ગુણો છે. પણ તમે એમ ધારી લો કે તમારી આ ઉંમર બાળપણ અને યુવાનીને જોડનારો એક પુલ છે, પુલ ખાસ્સો (વર્ષોમાં એક દસકા જેટલો) લાંબો છે અને એની બંને બાજુએ રેલીંગ નથી. તમે ઓ જાણો છો કે પુલ અપાર જોખમોથી ભરેલો છે. એટલે એને પાર કરવામાં તમારે વિશેષ કાળજીથી વર્તવું ખુબ જરુરી છે. વળી તમારી પાસે એનો અનુભવ પણ નથી. અનુભવી થવા માટે વ્યક્તિએ દર વખતે ઠોકર ખાવી કંઇ જરુરી નથી.

આ વયે તમે તમારા વડીલો કરતાં તમારા મિત્રો સ્નેહીઓની વાતમાં ઘણી સહેલાઇથી આવી જાઓ એ સ્વાભાવિક છે. મિત્રો તમારા જીવનમાં ઘણું આગવું સ્થાન ધરાવે છે. એમનું આંધળું અનુકરણ કરવાનું તમને ગમે છે. એમની વાતોને તમે ટાળી શકતા નથી. પણ જીવનની કોઇ નાજુક બાબત અંગે તમારે કંઇ નિર્ણય લેવાનો આવે ત્યારે એ તમને માર્ગદર્શન આપી શકે તેમ નથી. એ તમારી માફક જ બિનઅનુભવી છે. શૈક્ષણિક કારકિર્દી, વ્યવસાય, પ્રેમસંબંધ કે લગ્નના મામલે તમે એમને પુછીને આગળ વધવા જશો તો મુશ્કેલીઓમાં મુકાઇ જશો. એને બદલે આવી અગત્યની બાબતોમાં કોઇ યોગ્ય વડીલોની સલાહ લઇને પછી તમે નિર્ણય કરો એ વધારે હિતાવહ છે. રોજ કે પ્રસંગોપાત પહેરવાનાં વસ્ત્રો ખરીદીવી વેળાએ ભાઇબંધ કે સહેલીનો અભિપ્રાય કદાચ ચાલે, વાંચવા માટેનું પુસ્તક, અભ્યાસ, કારકિર્દી, કોલેજ કે મિત્રોની પસંદગી માટે તો તમારા માતાપિતા કે કોઇ સહૃદયી વડીલની સલાહ જ તમને કામ આવી શકે. સમાન વયના મિત્રોની દેખાદેખીથી પ્રેમમાં પડીએ, જાતીય સંબંધોમાં રાચીએ, નશો કરવા લાગીએ એ પણ બરાબર નથી. જો તમે કોઇ વિજાયીત પાત્રને પસંદ કરવા લાગ્યા હો કે એની સાથે ફરવા લાગ્યા હો તો એની તમારા માતાપિતાને જાણ કરો એ તમારા ભલામાં છે. ડર અને સંકોચથી આ હકીકત એમનાથી છુપાવવા જશો તો કદીક તમે આપત્તિમાં મુકાઇ જશો. માબાપ જ તમારું ભલું વિચારી શકે છે. જો કોઇ બાબતમાં તમે એમનાથી મતભેદ થાય તો પરસ્પર ચર્ચાનો માર્ગ લઇને તમારી વાત એમના ગળે ઉતારવાનો વિકલ્પ વધારે ઇચ્છનીય છે. આવેશમાં આવી જઇને ઘર છોડી જવાના કે પોતાનું ધારેલું કરવાના નિર્ણય બદલ તમારે પસ્તાવાનો વારો આવી શકે છે. જો માબાપ તમારી વાતમાં સંમત ન થાય તો અધીરા બનવાને બદલે થોડી રાહ જોજો. આમ કરવાથી તમને અને તમારા મમ્મી-પપ્પાને વિચારવાનો સમય મળી રહેશે. શક્ય છે કે બેમાંથી કોઇ એક પક્ષ પોતાનો નિર્ણય બદલે અને નાહક પેદા થયેલું ઘર્ષણ ટળી જાય. તમે પણ થોડા વધારે પાકટ બનશો અને સાચો નિર્ણય લેવા સક્ષમ થઇ શકશો.

મોટા ભાગના યુવાનો એમ માને છે એમના માબાપ એમના પર જોહુકમી ચલાવે છે અને સતત ખણખોદ કાઢતા રહે છે. વિચારવાની રીતમાં અને

દૃષ્ટિકોણમાં બે પેઢીઓની અંતર વચ્ચે રહેવાનું જ. આવા સમયે તમે બળવો કરવાનાં મૂડમાં આવી જતા હો છો. તમે એમનું કહેલું નહીં સાંભળો અને પોતાનું ધારેલું કરશો જ. આજ સુધી તમે એકલા કહ્યાગરા સંતાન હતા અને આજે હવે એકાએક તમારી પોતાની મનમાની કરવા લાગો એ સ્વીકારવું એમને આઘાતજનક લાગશે. પણ માબાપને તમારી નિષ્ઠાનો ભરોસો થવો જોઇએ. આવે વખતે આવેશ છોડીને ચર્ચા-વિચારણા દ્વારા રસ્તો ખોળવાનો વિકલ્પ વધારે હિતાવહ નીવડશે.

હવે તમે સ્વતંત્ર બનવા તરફ પ્રયાસ કરી ચૂક્યા છો. સ્વતંત્રતાની સાથે ઘણી જવાબદારીઓ સંકળાયેલી હોય છે. તમારે એક પરિપકવ વ્યક્તિ બનવાનું છે. હવે પછી જીવનનાં તમામ ક્ષેત્રોમાં ખૂબ વિચારપૂર્વક વર્તવાનું રાખજો. અત્યારે તમારે બરાબર ભણવાનું છે અને ઉત્તમ ભાવિ કારકિર્દીનો પાયો નાખવાનો છે. બીજું બધું જ હાલમાં ગૌણ છે. માબાપ પાસેથી મળતા પોકેટ મનીને પણ સાંચવી-સંભળીને વાપરજો. તમારું વર્તન બાપીશ ન હોવું જોઇએ.

આ ઉંમરનાં ઘણાં જોખમો છે. મિત્રોની સંગતમાં તમે સિગારેટ, તમાકું, શરાબ, નસીલી દવાઓ, સેક્સ અને ગુનાહિત પ્રવૃત્તિઓના રવાડે ચઢીને તમારી જિંદગીને બરબાદ કરી શકો છો. આ બધા એકમાર્ગી રસ્તાઓ છે. એક વાર તમે એમાં સપડાયા પછી પાછા વળવાપણું નહીં રહે! સિગારેટ અને તમાકું તમને અકાળે હૃદયરોગ અને કેન્સરનો શિકાર બનાવી શકે છે. શરાબથી તમારું લિવર ખરાબ થઇ જશે. નશીલી દવાઓ તમને બરબાદી અને અકાળ મૃત્યુ ભણી દોરી જશે. અસુરક્ષિત યૌન સંબંધથી તમે એઇડ્ઝ જેવા ખતરનાક રોગનો ભોગ બની શકો છો. આ બધી બાબતોમાં એક વારનો અખતરો પણ તમારા માટે ગંભીર કે જીવલેણ નીડવી શકે છે. અવિચારપણે તમારી જાતને હોડમાં કદી ન મૂકશો.

> વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી કહે છે એમ આપણો દેશ દુનિયાનો સૌથી 'યુવાન' દેશ છે. વસતિનો બહુમતી વર્ગ યુવાન છે - તેથી વિકાસની કૂચમાં એ આગળ રહે તે સ્વાભાવિક છે. વિશ્વની સૌથી પ્રાચીન સંસ્કૃતિ ધરાવતા યુવાન દેશના યુવાનને એની તરૂણ પેઢીને જરુર છે સાચી દિશા બતાવવાની. આબાલવૃદ્ધ સૌને ગમતા લોકપ્રિય માસિક 'જનકલ્યાણ'માં તરુણોને યોગ્ય માર્ગદર્શન આપતા લેખો પણ અવારનવાર પ્રગટ થતા રહે છે.
>
> 'ગાંધીનગર સમાચાર'ના સુજ્ઞ તરુણ વાચકોને એમની કારકિર્દીના મંગલાચરણ પ્રસંગે આ પ્રેરણાદાયી લખાણ ઉપયોગી નીવડશે.

તમારા લાગણીતંત્રમાં અસાધારણ ઉછાળો આવી શકે છે. તમે પુરુષ હશો તો તમને કોઇ વિજાતીય વ્યક્તિ સાથે શારીરિક સંબંધ બાંધવાનો તીવ્ર આવેગ પેદા થઇ શકે છે. તમારો મિજાજ અવારનવાર બદલાશે. તમે પોતે તમારી માનસિક સ્થિતિને પારખી નહીં શકો. કદીત પ્રેમમાં પડવાના વિચારો આવશે. ખુલ્લી આંખે તમે સપનાઓ જોવા લાગી જશો. એટલે તો આ ઉંમરને મુગ્ધાવસ્થા કહેવામાં આવે છે. માટે કદી એકલા ન પડશો. મિત્રો અને સ્વજનોની સાથે રહેશો તો તમે તમારા ઘણા આવેગો પર કાબૂ રાખી શકશો. તમારે તમારી જાત પર સંયમ કેળવતા શીખવું પડશે. તમારા સંકોચ અને શરમને છોડવા પડશે. સાચા લોકોને પારખીને એમની સાથે હળવા-મળવાની તમને લાભ થશે. જાતજાતની પ્રવત્તિઓમાં ભાગ લેજો. સંગીત, ચિત્રકામ, ફોટોગ્રાફી, આકાશદર્શન, વાંચન, રમતગમત અને અભિનયનો શોખ કેળવજો. કોલેજમાં એન.સી.સી. કે એન.એસ.એસ. જેવી પ્રવૃત્તિઓમાં ઉત્સાહથી ભાગ લેજો. આનાથી તમારું શારીરિક, માનસિક અને સામાજિક સ્વાસ્થ્ય સારું થશે અને તમારી અંદર આગેવાનીના ગુણો કેળવાશે. કોઇ સામાજિક સેવાનું કાર્ય અપનાવશો તો સમાજ પ્રત્યેનું તમારું ઋણ ચૂકવી શકશો. આવી પ્રવૃત્તિઓમાં છોકરાં છોકરીઓ સાથે મળીને કામ કરે તો એમને સ્ત્રી-પુરુષ સહજીવન અને સ્વસ્થ જાતીય જીવનનો પાઠ શીખવા મળશે.

કિશોરાવસ્થા દરમિયાન શરીરમાં આવતાં પરિવર્તનો તમારા મનમાં ભારે મૂંઝવણ અને વિફળતાની લાગણી પેદા કરે તે તદ્દન સ્વાભાવિક છે. તમારો અવાજ બદલાશે. મોઢે ખીલ ઊગી નીકળશે અને તમને પરેશાન કરશે. છોકરીઓ હોય એમને એમના સ્તનનું કદ નાનું કે અતિશય મોટું હોવાની ચિંતા પીડશે. શરીરની વધારે ઓછી ઊંચાઇના પ્રશ્નો ઊભા થશે. આ ઉપરાંત ચામડીનો રંગ, ડાઘ, વાળ, દેખાવ, વજન, કઢંગી ચાલ જેવી કંઇ કેટલીય આધિઓ પણ મનમાં વળગશે. આ બધા પ્રશ્નોના કોઇની પાસેથી સંતોષકારક ખુલાસા નહીં મળે. માબાપ પાસે આની ચર્ચા નહીં કરી શકાય અને સ્કૂલમાં એના પર ધ્યાન નહીં આપવામાં આવે. પરિણામે તમે તમારા મિત્રો સાથે પરસ્પર ચર્ચા કરીને અડધી-પડધી જાણકારીમાં રાચવા લાગશો. તમારા મનમાં ઘણી ગેરમાન્યતાઓ પેસી જશે. ચામડીનો રંગ, ઊંચાઇ, વજન અને છાતીના કદનો આધાર તમારા માબાપ પાસેથી મળેલા જનિનિક વારસા પર રહેલો હોય છે. એટલે કોઇ બે વ્યક્તિએ વ્યક્તિએ ભેદ રહેવાના. આની ચિંતા કરીને બેસી ન રહેશો. કોઇ મોટા અવૈજ્ઞાનિક ઉપચારોમાં કદી ન પડશો. કોઇ યોગ્ય ડોકટરને મળજો. તરૂણાવસ્થાને લગતું કોઇ સારું વૈજ્ઞાનિક ઢબે લખાયેલું પુસ્તક વસાવીને વાંચજો. તરૂણાવસ્થાના ફેરફારો બાબતમાં સુમાહિતગાર રહેજો. કુદરતે તમને જેવું શરીર આપ્યું છે તેવો એનો સ્વીકાર કરજો. તમારા દેખાવ બાબતમાં ખેદ ન કરશો. કોઇ કાળે લઘુતાગ્રંથિથી ન પીડાશો. સારા ગુણો અને ઊંચા ચારિત્ર્યથી તમારી શારીરિક ઊણપોને પૂરી કરજો. સારા વિચારો કરજો. બુદ્ધિશાળી બનજો. નમ્ર થજો. પછી તમે જોશો કે લોકો તમારી ચામડીના રંગ, વાળ, ઊંચાઇ વજન કે અળાજની સામું જોતાં સુદ્ધા નથી.

(અપૂર્ણ...)